પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૩૨૬ | ૭ ફેબ્રુઆરી, ૨૦૨૧, રવિવાર; પોષ વદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# દેશભરમાં ખેડૂતોનું શાંતિપૂર્ણ ચક્કાજામ

## પંજાબ-હરિયાણા સહિતના રાજ્યોમાં શાંતિપૂર્ણ ચક્કાજામ : રાજસ્થાન અને જમ્મુ-કાશ્મીરમાં પણ ચક્કાજામની અસર જોવાઈ

નવી દિલ્હી, તા. ૬

ખેડૂત સંગઠનોના દેશવ્યાપી ચક્કાજામની પંજાબ અને હરિયાણા જેવા મુખ્ય રાજ્યમાં પણ મિશ્ર અસર જોવા મળી હતી. ઘણા પ્રદર્શનકારીઓને દિલ્હી અને બેંગાલુરુમાં અટકાયતમાં લેવામાં આવ્યા હતા. યુપી અને ઉત્તરાખંડ ચક્કાજામથી લગભગ અસ્પૃશ્ય રહ્યા હતા. તેમ છતા ૨૬ જાન્યુઆરીની ઘટનાથી બોધપાઠ લેતાં દિલ્હી પોલીસ સતર્ક રહી હતી. સાવચેતી રૂપે દિલ્હી મેટ્રોના કેટલાક સ્ટેશનોના પ્રવેશદ્વારા બંધ કરાયા હતા. ચક્કા જામના સમર્થનમાં દિલ્હીના શહીદી પાર્કમાં વિરોધ કરી રહેલા ૫૦ જેટલા લોકોની પોલીસે અટકાયત કરી. રેપિડ એક્શન ફોર્સ (આરએએફ) સહિત સુરક્ષા દળના જવાનોને દિલ્હી-યુપીની ગાઝીપુર બોર્ડર પર તૈનાત કરવામાં આવ્યા હતા.

રાજસ્થાનના ગંગાનગર, હનુમાનગઢ, ધોલપુર અને ઝાલાવાડ સહિત વિવિધ સ્થળોએ ખેડુતોએ ચક્કાજામ કર્યું હતું. મુખ્ય માર્ગો કે રાજમાર્ગો ઉપર ખેડૂતો ધરણા પર બેઠા હતા. કોંગ્રેસના પ્રદેશ અધ્યક્ષ ગોવિંદસિંહ દોતાસારાએ ટ્વીટ કર્યું હતું કે, 'રાજસ્થાન પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા આંદોલન કરનારા ખેડુતોને રાષ્ટ્રીય અને રાજ્યમાર્ગો પર ચક્કાજામ કરવા માટે સમર્થન જાહેર કરીએ છીએ. તમામ કોંગ્રેસીઓને વિનંતી છે કે આ શાંતિપૂર્ણ ચક્કાજામને સફળ બનાવવા જરૂરી પગલા ઉઠાવે.

પંજાબના સેંકડો ખેડૂતો ચક્કાજામના સમર્થનમાં રસ્તા પર ઉતર્યા હતા. અહીં રસ્તાઓ અવરોધિત કરવામાં આવ્યા હતા. અનેક વિસ્તારોમાં ચક્કાજામની અસર જોવા મળી હતી.





● અનુસંધાન પાન-૭ પર

**ખેડૂતોનું કેન્દ્રને અલ્ટીમેટમ**

# બે ઓક્ટોબર સુધીમાં કાયદા પાછા ખેંચો



## કૃષિ કાયદા પાછા નહીં ખેંચાય તો આંદોલનની નવી રણનીતિ ઘડાશે

## માગણીઓ પૂરી નહીં થાય ત્યાં સુધી ખેડૂતો ઘરે નહીં જાય : રાકેશ ટીકૈત

નવી દિલ્હી, તા. ૬

સરકાર દ્વારા લાવવામાં આવેલા ત્રણ કૃષિ કાયદા વિરુદ્ધ આંદોલન કરી રહેલા ખેડૂતો પોતાની માંગ પર અડગ છે. ભારતીય કિસાન યુનિયન (બીકેયુ)ના નેતા રાકેશ ટિકૈતે શનિવારે જણાવ્યું હતું કે, જ્યાં સુધી સરકાર તેમની માંગણીઓ પૂરી નહીં કરે ત્યાં સુધી તેઓ ઘરે જશે નહીં અને દબાણમાં સરકાર સાથે વાતચીત કરીશું નહીં. આંદોલનના ભાગરૂપે ખેડૂતોએ શનિવારે સમગ્ર દેશમાં ચક્કાજામ કર્યું હતું. શનિવારે બપોરે ૧૨થી ૩ વાગ્યા સુધીમાં ઘણા સ્ટેટ અને નેશનલ હાઈવે જામ કરીને ખેડૂતોએ શાંતિપૂર્વક દેખાવો કર્યા હતા.

દિલ્હી-ઉત્તર પ્રદેશ બોર્ડર પર ગાઝીપુર ખાતે ખેડૂતોને

● અનુસંધાન પાન-૭ પર

# આજે વડાપ્રધાન મોદી આસામ અને પશ્ચિમ બંગાળની મુલાકાતે

## ૩૪૮ કિમીનો દોભી- દુર્ગાનગર કુદરતી વાયુ પાઇપલાઇન સેક્શન પણ રાષ્ટ્રને સમર્પિત કરશે

ન્યુ દિલ્હી,તા.૬

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ૭ ફેબ્રુઆરી ૨૦૨૧ના રોજ આસામ અને પશ્ચિમ બંગાળ, બંને રાજ્યોની મુલાકાત લેશે. સવારે લગભગ ૧૧:૪૫ વાગે પ્રધાનમંત્રી આસામના સોનિતપુર જિલ્લામાં ધેકીઆજુલી ખાતે બે હોસ્પિટલોનો શિલાન્યાસ કરશે અને 'આસોમ માલા' નામના એક રાષ્ટ્રીય ધોરીમાર્ગ તેમજ મુખ્ય જિલ્લા માર્ગોના કાર્યક્રમનો પ્રારંભ કરશે. ત્યારબાદ, બપોર પછી લગભગ ૪:૪૫ કલાકે તેઓ પશ્ચિમ બંગાળના હલ્દીઆ ખાતે કેટલીક મહત્વપૂર્ણ ઈન્ફાસ્ટ્રક્ચર પરિયોજનાઓ રાષ્ટ્રને સમર્પિત કરશે અને કેટલીકનો શિલાન્યાસ કરશે.

પ્રધાનમંત્રી ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ દ્વારા બાંધવામાં આવેલું ન્ટ્ર આયાતનું ટર્મિનલ રાષ્ટ્રને સમર્પિત કરશે. અંદાજે રૂપિયા ૧૧૦૦ કરોડના ખર્ચે આનું નિર્માણ

● અનુસંધાન પાન-૭ પર

# ડ્રાયવિંગની ટ્રેનિંગ બાદ ટેસ્ટ વગર જ લાયસન્સ અપાશે

નવી દિલ્હી, તા. ૬

આગામી સમયમાં માન્યતા પ્રાપ્ત ડ્રાઈવિંગ ટ્રેનિંગ સેન્ટર પાસેથી ડ્રાઈવિંગ ટ્રેનિંગ લીધા પછી લાઈસન્સ મેળવવા માટે કોઈ ટેસ્ટ આપવાની જરૂર રહેશે નહીં. કેન્દ્રીય માર્ગ પરિવહન અને હાઈવે મંત્રાલયે આ દિશામાં એક ડ્રાફ્ટ નોટિફિકેશન બહાર પાડ્યું છે જેથી લોકોના સૂચનો માંગવામાં આવ્યા છે. સરકાર ડ્રાઈવિંગને લગતા નિયમોને સરળ બનાવવા માંગે છે. આ દિશામાં, મંત્રાલયે ડ્રાઈવર

● અનુસંધાન પાન-૭ પર




Happy Birthday

તુમ જીયો હજારો સાલ
સાલ કે દિન હો પચાસ હજાર

જન્મ તા. ૭/૨/૨૦૨૦

કિયાન જીગરકુમાર શ્રીમાળી

જીગરકુમાર સુખાનંદ શ્રીમાળી
ભૂમિકા જીગરકુમાર શ્રીમાળી
સુખાનંદ હિરાલાલ શ્રીમાળી
જશોદાબેન સુખાનંદ શ્રીમાળી


# ૫૦ વર્ષ કે તેથી વધુ વય ધરાવતા નાગરિકોને માર્ચથી કોરોનાની રસી અપાશે

ન્યુ દિલ્હી,તા.૬

લોકસભામાં કેન્દ્રના સ્વાસ્થ્ય મંત્રી ડો.હર્ષવર્ધને મહત્વપૂર્ણ જાણકારી આપતા કહ્યુ છે કે, દેશમાં ૫૦ કે તેનાથી વધારે વર્ષના લોકોને રસી આપવાની કામગીરી માર્ચ મહિનાથી શરુ કરવામાં આવશે.

તેમના કહેવા પ્રામણે આ ગ્રૂપમાં ૨૭ કરોડ લોકોનો સમાવેશ થાય છે.ઉલ્લેખનીય છે કે, આખા દેશમાં ૧૬ જાન્યુઆરીથી કોરોના વોરિયર્સને કોરોનાની રસી આપવાનુ શરુ કરવામાં આવ્યુ છે.

સંસદમાં પૂછાયેલા એક સવાલના જવાબમાં ડો.હર્ષવર્ધને કહ્યુ હતુ કે, પહેલા તબક્કામાં સરકારી અને પ્રાઈવેટ ક્લિનિકોના લગભગ એક કરોડ હેલ્થ વર્કર્સને રસી મુકવામાં આવનાર છે.


Shreego-mech HVAC
SALES AND SERVICE

GENERAL | MITSUBISHI ELECTRIC | DAIKIN | Carrier | TOSHIBA
BLUE STAR | SAMSUNG | VOLTAS | HITACHI | Panasonic

Grand Opening In Your Area

गरमीकी सिज़नमे ठंडी पाए, नया AC लगाए या सर्विस कराए।



સર્વિસ ચાર્જ માત્ર ૨૫૦/-
જેકેટવોશ સર્વિસ માત્ર ૪૫૦/-

૧ વર્ષ AMC કોન્ટ્રાક્ટ માત્ર 999/-
● ૨ ડ્રાય સર્વિસ
● ૧ કેમિકલવોશ સર્વિસ
● નો મેઇન્ટેનન્સ ચાર્જીસ

5 Years Circuit warranty & 10 Years Compressor Warrenty For Inverter AC
Flat Rs.2000/- Off For First 10 Customers ONLY*

શુભેચ્છક : શ્રી મહેશસિંહ રાઓલ
(પૂર્વ મહામંત્રી ભા.જ.પા, ગાંધીનગર-મહાનગર)

07203030831, 08980501289 shreegomech11@gmail.com

Shop No.24, Kanam-2, Nr. Reliance Char Rasta, Nr. Apolo Pharmacy, Kudasan, Gandhinagar - 382424

UPASANA INFRAPROJECT PVT. LTD.

SHREEDHAR BHAKTI

Experience An Elite Lifestyle



3 BHK Flats & Shops

FP NO. 37/1, Sub Plot No. 2,
Nr. Swaminarayan Dham, Kudasan, Gandhinagar.

RERA No. : PR/GJ/GANDHINAGAR/GANDHINAGAR/Other/MAA07091/030620
www.gujrera.gujarat.gov.in

Alpesh Patel
97236 71067 / 81601 47020

મારૂતિ સોફા વોશીંગ
રીપેરીંગ & રીનોવેશન
સોફા રીપેરીંગ સ્પેશ્યાલીસ્ટ
ફ્રી હોમ સર્વિસ | ગેરન્ટી સાથે
9924244216 9924244276
મોકાસણવાળા

અઘોરી ગિરનારી બાબા
તંત્રો-મંત્રો-ચંત્રોથી ગુપ્ત લક્ષ્મીનો નિકાલ
ગુપ્તધનના મહાજ્ઞાતા
૧૮૪ ક્રિયાના જાણકાર
શું તમને ગુપ્તધનનો આભાસ થાય છે? તાત્કાલિક સંપર્ક કરો
પ્રેમી પંખીડા મિલન
પતિ-પત્ની ઝઘડા
તૂટેલા સંબંધ જોડો
સેક્ટર - ૨૨, ગાંધીનગર
9909555191